
# શહેરમાં ઉત્તરાયણ પર્વે ૧૧૩ પક્ષીઓ દોરીથી ઘાયલ

## જિલ્લામાં મળીને આશરે અઢીસો જેટલાં પક્ષીઓ દોરીની લપેટમાં આવ્યા : આ વર્ષે બર્ડ ઈન્જરીમાં ઘટાડો નોંધાયો : બર્ડ રેક્સ્યુના સ્વયંસેવકોએ સતત દોડતાં રહીને પ્રસંશનીય સેવાઓ આપી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર તથા જિલ્લામાં ઉત્તરાયણનું પર્વ નાગરિકોએ ભલે ભારે હર્ષોલ્લાસથી ઉજવ્યુ પરંતુ પક્ષીઓ માટે આ પર્વ ઘણું ઘાતક સાબિત થયું હતું. આ વર્ષે ગાંધીનગર શહેરમાં પતંગની દોરીથી ૧૧૩ પક્ષીઓ ઘાયલ થયાં હતા જેમાં ૯૦ થી વધુ







કબૂતર, ૬ કાંકણસાર, ૨ મોર, ૩ હરિયલ ઉપરાંત ટીંટોડી, કોમ્બટક, કાગડો, કાબર અને સમડીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાપ્ત વિગતો અનુસાર અંદાજે ૧૭ જેટલા પક્ષીઓનું મોત થવા પામ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં વન વિભાગ સાથે મળીને 'વનશ્રી ટ્રસ્ટ' તથા જિલ્લા કલેક્ટર સાથે મળીને ''પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ'' અને ''ટીમ જંગલીઝ ગુજરાત'' સંસ્થાના સ્વયંસેવકોએ પક્ષી બચાવ કામગીરીમાં સેવા આપી હતી જેમાં બર્ડફ્લુને ધ્યાનમાં રાખીને સ્વયંસેવકોએ પીપીઈ કીટ પહેરીને સેનેટાઈઝરના ઉપયોગ સાથે સેવા આપી હતી.

ગાંધીનગર જિલ્લા અને શહેરમાં મળીને અંદાજે અઢીસો જેટલાં પક્ષીઓ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ થવા પામ્યા હતા. આ પક્ષીઓને બચાવવા માટે બર્ડ રેસ્ક્યુના સ્વયંસેવકો સતત દોડતાં રહ્યાં હતા. ગાંધીનગરમાં આ વખતે સેક્ટર-૩૦માં મહાનગર પાલિકાના પશુ દવાખાના ઉપરાંત પશુપાલન વિભાગના વેટરનરી ક્લિનિક ખાતે અને ગીર ફાઉન્ડેશનના હરણોદ્યાન ખાતે પક્ષીઓને સારવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મનાના દવાખાને સ્નેહલ પ્રજાપતિ સહિતની ટીમે ખડેપગે સેવાઓ આપી હતી. આ વર્ષે જો કે બર્ડ ઈન્જરીની ઘટનાઓમાં ગત વર્ષ કરતાં ઘટાડો જોવા મળ્યો હતો. બર્ડ રેસ્ક્યુના પ્રયાસોને કારણે આ વર્ષે આશરે સવા બસ્સો જેટલાં પક્ષીઓને જીવતદાન બક્ષવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી.

### આશરે ૧૭ જેટલા પક્ષીઓ મોતને ભેટ્યા

આ વર્ષે પક્ષીઓના મોતમાં ઘટાડો થયો હતો અને બે દિવસ દરમ્યાન ૧૦ કબૂતર, ૨ કાળી કાંકણસાર, ૧ સફેદ કાંકણસાર, ૨ મોર, ૧ સમડી ઉપરાંત કાબર વગેરે મળીને આશરે ૧૭ જેટલા પક્ષીઓ પતંગની દોરીથી ઘાયલ થઈને મોતને ભેટ્યાં હતા. જો કે આ પક્ષીઓને બચાવી લેવા કરૂણા અભિયાનના સ્વયંસેવકોએ ખૂબજ મહેનત ઉઠાવી પોતાના પુરા પ્રયાસો કર્યા હતા.

# સ્માર્ટ સીટી પ્રોજેક્ટના અમલીકરણમાં રાજ્યમાં ત્રીજા સ્થાને ગાંધીનગર છે !

## સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં સાત કામ પૂર્ણ થયા

ગાંધીનગર, તા. ૧૫

સ્માર્ટ સીટી પ્રોજેક્ટના અમલીકરણમાં રાજ્યકક્ષાએ ગાંધીનગર શહેર ત્રીજો રેન્ક ધરાવે છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે રાજ્યમાં ૬ શહેરોની પસંદગી કરવામાં આવેલી છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટ માટે ત્રીજા તબક્કામાં પસંદગી કરાઈ હતી. સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત હાલ ૨૯ કામો હાથ પર લેવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર સ્માર્ટ સીટી પ્રોજેક્ટ કંપનીને રૂ. ૩૭૨ કરોડની ગ્રાન્ટ મળી ચુકી છે. મળતી વિગતો મુજબ આ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૭ કામ પૂર્ણ થયા છે. જેમાં સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, વાઈ-ફાઈ જેવા કામોનો સમાવેશ થાય છે. ૨૦ કામો હાલ પ્રગતિ હેઠળ છે જ્યારે ૨ કામો હજુ ટેન્ડરીંગની કામગીરી હેઠળ છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરાયા પછી હાલ જે કામો પ્રગતિ હેઠળ છે તેમાં સ્માર્ટ રોડ, બગીચાઓનું નવિનીકરણ, અન્ડર પાસનું કામ સહિતના કામોનો સમાવેશ થાય છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સે. ૧૧માં ત્રણ પાર્કિંગ પ્લોટ બનાવવાની વાત પણ વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં વિકાસ વેગીલો બને તે માટે બગીચાઓના નવીનીકરણનો પ્રથમ ભાગ પૂર્ણ થયો છે. બીજા તબક્કાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. શહેર ઉદ્યાનનગરી તરીકે ઓળખ ધરાવે છે અને તેના બગીચાઓ ઉજ્જડ બનતાં આ નવીનીકરણનો પ્રોજેક્ટ હાથ પર લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં ૨૫૮૭ પેયજળ આપવાનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પણ હાલ પ્રગતિ હેઠળ છે. આ અંગેની કામગીરીનો આરંભ થઈ ચુક્યો છે. આ કામગીરી ૨૦૨૪ પહેલાં પૂર્ણ થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીની સમીક્ષા પણ આજે કેન્દ્રીય સચિવ દ્વારા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# જિલ્લામાં પ્રથમ દિવસે ૫૦૦ હેલ્થ વર્કરનું વેક્સીનેશન

## પાંચ કેન્દ્રો પર વેક્સીનેશન થશે : છેલ્લી ઘડીએ સાત વેક્સીનેશન સેન્ટરમાં મંજૂરી ના અપાઈ, સવારે ૧૧.૩૦ કલાકે રસીકરણનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે પ્રથમ દિવસે ૫૦૦ હેલ્થ વર્કરનું વેક્સીનેશન કરાશે. જિલ્લામાં આમ તો ૧૨ વેક્સીનેશન સેન્ટર પહેલાં મંજૂર કરાયા હતા પરંતુ છેલ્લી ઘડીએ માત્ર પાંચ વેક્સીનેશન સેન્ટર પર જ વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલ ખાતે, દહેગામમાં પાલુન્દ્રા ખાતે, કલોલમાં મોખાસણ ખાતે, માણસામાં સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે અને ગાંધીનગર તાલુકામાં એપોલો હોસ્પિટલ ભાટ ખાતે વેક્સીનેશન કરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વેક્સીનેશનના પ્રારંભે રાજ્યના શ્રમ મંત્રી દિલીપ ઠાકોર ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત જિલ્લામાં અશોકભાઈ ચૌધરી, દૂધ સાગર ડેરી સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-માણસા ખાતે, સુમેરૂભાઈ અમીન-પૂર્વ પ્રમુખ નગરપાલિકા દહેગામ પ્રા.આ.કે. મોખાસણ ખાતે, બલરાજસિંહ ચૌહાણ-ધારાસભ્ય દહેગામ પ્રા.આ.કે. પાલુન્દ્રા ખાતે અને ધારાસભ્ય રમણભાઈ પટેલ-અપોલો હોસ્પિટલ ખાતે ઉપસ્થિત રહેશે.

તમામ સેશન સાઈટોમાં પ્રતિ સેશન સાઈટ કુલ ૧૦૦ હેલ્થ કેર વર્કર (ઊંઝઉ) એમ વધુમાં વધુ ૪૦૦ જેટલા હેલ્થ કેર વર્કરનું રસીકરણ કરવામાં આવનાર છે. શરૂઆતમાં કોવિડ-૧૯ની ફીલ્મ બતાવવામાં આવશે. ત્યારબાદ ૧૦.૩૦ થી ૧૧.૩૦ કલાકે પ્રધાનમંત્રી દ્વારા દીલ્હીથી કોવિડ-૧૯ રસીકરણનું જીવંત પ્રસારણ થનાર છે. પછી હાજર રહેનાર મહેમાન/મહાનુભાવોનું ઉદબોધન થનાર છે. આભાર પ્રવચન પૂર્ણ કર્યા બાદ રસીકરણની કામગીરી કરવામાં આવનાર છે.

કોવિડ-૧૯ રસીકરણ માટે સીરમ ઈસ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયાની ''કોવિશીલ્ડ'' ગુજરાતને હાલ ફાળવવામાં આવેલ છે. જે ગાંધીનગર જિલ્લાના તમામ ચાર સેશન સાઈટ ના કોલ્ડ ચેઈન ખાતે પહોંચી ગયેલ છે. જેની જાળવણી ૨ થી ૮ ડીગ્રી તાપમાનમાં

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરમાં ડૉ. નિયતિ લાખાણી તો માણસામાં ડૉ. કાનમ શુકલ પહેલી રસી લેશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ખાતે સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણી અને માણસા ડીસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ ખાતે ડૉ. કાનમ શુક્લને પ્રથમ રસી અપાશે.

જિલ્લામાં રસીકરણ માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ચુક્યો છે. તંત્ર દ્વારા ૧૧.૩૦ વાગ્યાથી રસીકરણનો આરંભ થશે. મળતી વિગતો મુજબ ગાંધીનગર સિવિલ સહિત તમામ વેક્સીનેશન સેન્ટર પર એક સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યો છે જ્યાં વેક્સીનેશન બાદ સેલ્ફી લેવાની રહેશે. જેમાં મેં પણ કોરોનાની વેક્સીન લીધી છે તેવુ સ્લોગન રાખવામાં આવ્યુ છે. જિલ્લામાં જે ૫૦૦ હેલ્થ વર્કસનું આજે પ્રથમ દિવસે વેક્સીનેશન થવાનુ છે તે તમામને તંત્ર દ્વારા એસ.એમ.એસ. કરીને જાણ પણ કરી દેવામાં આવી છે.

**વેક્સીનેશન સેન્ટર પર ખાસ સેલ્ફી પોઈન્ટ પણ ઉભો કરાયો છે**

# ઉતરાયણ બાદ ઠંડી ઘટી અને ગરમી વધી : મહત્તમ તાપમાન ૩૦ ડીગ્રી

## ઠંડીનો પારો ૧૨. ૫ ડીગ્રીએ પહોંચ્યો : વાસી ઉતરાયણના દિવસે પતંગ રસિયાઓએ આકરો તાપ અનુભવ્યો

ગાંધીનગર તા ૧૫


ગાંધીનગરમાં ઠંડીનો પારામાં સતત ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. ઉતરાયણ પુર્વે લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે આજે ઠંડીનો પારો ૩.૫ ડીગ્રી ઉંચો આવતા ઠંડી ૧૨.૫ ડીગ્રી નોંધાઈ હતી. જયારે મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીએ પહોંચી જતા ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ. દિવસનો તડકો આકરો બન્યો હતો. વાસી ઉતરાયણના પર્વ દરમિયાન દિવસનો તાપ પણ પતંગ રસિયાઓએ આકરા તાપના લીધે ગરમીનો અહેસાસ કર્યો હતો.

શહેરમાં શિયાળાના પ્રારંભથી ઠંડીના પ્રમાણમાં સતત વધ ઘટ જોવા મળી રહી છે. આકરી ઠંડી વચ્ચે વાદળિયા વાતાવરણના લીધે વિચિત્ર મોસમનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો જયારે છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો મિજાજ પણ વિચિત્ર જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં સતત નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. જેના લીધે ઠંડી ગરમી વચ્ચે નગરજનો મિશ્ર ઋતુનો અનુભવ પણ કરી રહ્યા છે. ઉતરાયણના પર્વ દરમિયાન પવન ફેવરેબલ રહેતા નગરજનોએ પતંગોત્સવની મજા માંણી હતી.





પૂણ્ય પર્વ - મકરસંક્રાંતિના પર્વે પૂણ્યદાનનો મહિમા મોટો છે... ભારતીય સંસ્કૃતિમાં સૂર્યની ઉત્તર તરફ ગતિના આરંભે પૂણ્યદાન કરવાથી જીવનઉર્જા વધે છે... શહેરમાં મકરસંક્રાંતિ પર્વે પંચદેવ મંદિર પર યાચકોની કતાર લાગી હતી... દર્શનાર્થીઓ શક્તિ-ભક્તિ પ્રમાણે પૂણ્યદાન કરવાની પરંપરા જાળવી હતી... જ્યારે અબોલ પશુઓને ઘાસચારો નિરવાની અને પક્ષીઓને ચણ નાંખવાની પણ ભારતીય સંસ્કૃતિમાં પરંપરા છે...




# જિલ્લામાં વધુ ૧૫ કેસ નોંધાયા

## ગાંધીનગર તાલુકામાં ૮ કેસ, સે. ૨૦ અને ૨૮ માં બે-બે કેસ ઉપરાંત સે. ૨, ૫ અને ૨૨ માંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે ૧૫ કેસ કોરોનાના નોંધાયા છે. ગઈકાલે પણ ૧૫ કેસ નોંધાયા હતા. ગઈકાલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ હતુ.

ગાંધીનગર જિલ્લામાં આજે નોંધાયેલા ૧૫ કેસમાં ૮ ગ્રામ્ય વિસ્તારમાં તો ૭ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે તમામ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા ગામે ૨ કેસ, કુડાસણમાં ૨ કેસ, રાંદેસણમાં બે કેસ ઉપરાંત ઉનાવા અને સરગાસણમાંથી ૧-૧ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૮૭૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૭૯૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ સાત દર્દી કોરોનાના મળી આવેલ છે. શહેરમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે સંક્રમિત થનાર દર્દીઓમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

આજે સે. ૨૦ માંથી ૨, સે. ૨૮ માંથી ૨ ઉપરાંત સે. ૨, ૫ અને સે. ૨૨ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

**તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે
અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ,
જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય
યાદ અમારા દિલમાં રહેશે સદાય,
પરમાત્મા આપના દિવ્ય
આત્માને પરમ શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

**સ્વ. ભાવનાબેન નવિનચંદ્ર ધ્રુવ** સ્વર્ગવાસ ૧૫-૦૧-૨૦૧૮

**જયેશ, સંજય, દિલીપ** (પુત્રો)
**હિના, રશ્મી, ભાવના** (પૂત્રવધૂઓ)
**રોનક** (પૌત્ર) - **પૂજા** (પૌત્રવધૂ), **રોહન** (પૌત્ર)
**કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા** (પૌત્રીઓ)

# નબળી વેરા વસુલાત કરનાર તલાટીની સર્વિસ બુકમાં તેની નોંધ કરો : સુશ્રી દુહાન

ગાંધીનગર, તા. ૧૫

હવે ગ્રામ પંચાયતોમાં આવેલી મિલ્કતો અંગેની તમામ વિગતો ઓનલાઈન કરવામાં આવશે. જિલ્લામાં આ અંગેની ચાલી રહેલી કામગીરી ધીમી હોવાને લઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને નારાજગી વ્યક્ત કરી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓની આજે યોજાયેલ બેઠકમાં તેમણે આ કામગીરીમાં ગતિ આવે તે માટે ખાસ સૂચનાઓ આપી હતી.

**ઓનલાઈન મિલ્કતો મુકવાની કામગીરીમાં ગતિ આવે તે માટે પણ તાલુકા વિકાસ અધિકારીને કડક તાકીદ**

આજની બેઠકમાં તેમણે વેરા વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે કડક સૂચનાઓ આપી હતી. એક તબક્કે તેમણે એવી પણ સૂચના આપી હતી કે નબળી વેરા વસુલાત કરતા તલાટીઓની સર્વિસ બુકમાં તેમની નબળી કામગીરી અંગે નોંધ કરવામાં આવે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com